નં.સસુખા/મકમ/તાલીમ/૧૭-૧૮/૬૩૨૨
નિયામક, સમાજ સુરક્ષા ખાતુ
બ્લોક નં .૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨ ૦૧૦
ફોન નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૯
ફેક્સ નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૮
તા. ૦૪/૧૦/૨૦૧૭

સત્યમેવ જયતે

# પરિપત્ર

આથી ખાતા દવારા સરકારી અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાના વડાઓને જણાવવાનું કે સમાજ સુરક્ષા ખાતુ તથા ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટીના સંયુકત ઉપક્રમે ખાતા હસ્તકની સરકારી અનુદાન મેળવતી સ્વૈચ્છિક સંસ્થાના પ્રમુખ/મંત્રી/ટ્રસ્ટીમાંથી કોઇ એક તેમજ વહીવટી, એકાઉન્ટ, કોર્ટ કાર્યવાહી સાથે સંકળાયેલ અધિકારી/કર્મચારીઓમાંથી એક એમ દરેક સંસ્થામાંથી બે તાલામાર્થીઓ માટે તા. ૧૮/૦૯/૧૭ થી તા. ૨૦/૦૯/૧૭ સુધી તથા તા. ૦૪/૧૦/૧૭થી તા. ૦૬/૧૦/૧૭ સુધી યોજવામાં આવેલ તાલીમમાં હાજર રહેવા જણાવેલ પરંતુ આપની સંસ્થામાંથી સંસ્થાના પ્રતિનિધિ કે વહીવટી કર્મચારી ઉપસ્થિત રહેલ નથી. આથી આગામી તા.૦૯/૧૦/૧૭થી તા.૧૧/૧૦/૧૭ સુધી યોજાનાર તાલીમમાં આપની સંસ્થામાંથી સંસ્થાના પ્રતિનિધિ તથા વહીવટી કર્મચારીએ બિનચુક હાજર રહેવા જણાવવામાં આવે છે. ઉકત તાલીમમાં કોઇ સંસ્થાના પ્રતિનિધિ તથા વહીવટી કર્મચારી હાજર રહેશે નહી તો સંસ્થાને મળનાર ગ્રાન્ટમાં કાપ મુકવાની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજય ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, તમામ

૨/- અગાઉ યોજાયેલ તાલીમમાં ગેરહાજર સંસ્થાના વડાઓને ઉકત પરિપત્રની નકલ રુબરૂ આપી તેમની સહી લઇ બજાવણીની નકલ અત્રે મોકલી આપવા સારૂ (આ સાથેના લીસ્ટ મુજબની સંસ્થાના વડાઓ તરફ)

નકલ રવાના:-

૧. નાયબ નિયામકશ્રી ,અપગ, સીપીડી, વૃધ્ધ પેન્શન, યોજના, વડી કચેરી ગાંધીનગર તરફ જાણ તેમજ કાર્યવાહી સારૂ

૨. હિસાબી અધિકારીશ્રી, હિસાબી શાખા, વડી કચેરી ગાંધીનગર તરફ જાણ તેમજ કાર્યવાહી સારૂ

૩. પ્રોગ્રામ મેનેજર, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી,બ્લોક નં.૧૯/૩, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને જાણ સારૂ

૪. પરિપત્ર ફાઇલ